# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-03-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પી એમ અને કેનેડીયન સમકક્ષની મુલાકાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્ની આજે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. બંને નેતાઓ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ વેપાર અને રોકાણ, ઉર્જા, મહત્વપૂર્ણ ખનિજો, કૃષિ, શિક્ષણ, સંશોધન અને નવીનતા અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના મુખ્ય સ્તંભોમાં ચાલી રહેલા સહયોગનો પણ અભ્યાસ કરશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

---------------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રીએ ઇઝરાયલ અને અમીરાતના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ સાથે ટેલીફોનીક વાતચીત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્યામીન નેતન્યાહુ સાથે ટેલીફોન પર વાતચીત કરી. આ દરમ્યાન બંને નેતાઓ એ પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટ પર શ્રી મોદીએ કહ્યું કે, તેમને ઇઝરાયલના પ્રધાનમંત્રીને હાલના ઘટનાક્રમ પર ભારતની ચિંતાથી અવગત કરાવતા નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા ગણાવી. તેમણે એમ પણ જણાવ્યું કે, ભારત સંઘર્ષને તાત્કાલિક સમાપ્ત કરવાના પક્ષમાં છે. શ્રી મોદીએ સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બીન્ઝાયાદ અલ્લનાહ્યાન સાથે પણ

વાતચીત કરી. તેમણે અમીરાત પર ઈરાનના હુમલાની નિંદા કરી અને હુમલાઓમાં જાન ગુમાવનાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. પ્રધાન્મંત્રી એ કહ્યું કે, ભારત આ કઠીન સમયમાં અમીરાતની સાથે છે .

---------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી સેમીકનેક્ટ કોન્ફરન્સ :

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગનો ત્રિપુટી ભારતના ઝડપી વિકાસના આગામી તબક્કાને આગળ ધપાવવા માટે તૈયાર છે. ગઈ કાલે ગુજરાતના ગાંધીનગરમાં ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ 2026 ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી વૈષ્ણવે સેમિકોન 1 ની સફળતા પર પ્રકાશ પાડતા કહ્યું કે ભારત પહેલાથી જ દસ ઉત્પાદન પ્લાન્ટ સુરક્ષિત કરી ચૂક્યું છે.

---------------------------------------------------------------------------------------

## ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ 2026 :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ 2026નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા જણાવ્યું કે, ગુજરાત ભારતનું ગેટવે ટુ સિલિકોન બનશે: કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસી સ્ટેબિલિટી, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પોલિટીકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છે.

ગુજરાત સેમિકનેકટ કોન્ફરન્સ 2026 દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યની સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન (STI) નીતિ ૨૦૨૬-૨૦૩૧ જાહેર કરી છે. આ નીતિમાં 1000 કરોડ રૂપિયાનો “સ્વદેશી અનુસંધાન ફંડ” દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સેમિકન્ડક્ટર, કવાટમ ટેકક્નોલોજી, બાયો ટેકક્નોલોજી,ગ્રીન એનર્જી, ડિફેન્સ ટેકક્નોલોજી, ઇમર્સિવ ટેક્નોલોજી અને અંતરિક્ષ જેવા મહત્વના ક્ષેત્રોમાં સંશોધનને પ્રોત્સાહન મળશે.

---

## ફાગણી પૂનમ :

રંગ અને ગુલાલ નાં હોળી ધૂળેટી પર્વ ની ઉજવણી નો આજથી આરંભ થાય છે ફાગણી પૂનમ ના ચંદ્ર ગ્રહણ હોવા થી શાસ્ત્રોક્ત મત અનુસાર આજે સાંજ થી પૂનમનો પ્રારંભ થતાં આજે ચંદ્રોદય પછી હોલિકા દહન કરવા માં આવશે ભુજ માં વિવિધ મંદિરો માં અને જાહેર ચોકમાં પૂજન વિધિ પછી હોળી પ્રગટાવવા માં આવશે દરમ્યાન હોળી પર્વ નિમિતે ધાણી, હારડા, ખજૂર, દાળિયાની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળે છે પિચકારી ગુલાલ રંગો ની લોકો ખરીદી કરવા બજારો માં ઉમટી રહ્યા છે

---

## જીલ્લામાં મતદાન મથકોમાં થયેલ વધારો :

ચૂંટણી પંચે હવે એક બુથમાં કેટલા મતદારો રાખવા તે અંગે મહત્વનો આદેશ જારી કર્યો છે જેના અમલીકરણના ભાગરૂપે જીલ્લામાં પણ મતદાન મથકોનું પુનઃઘઠન કરાયું છે, જીલ્લાના 6 વિધાનસભા મત ક્ષેત્રમાં અગાઉ 1848 મતદ્દન મથક હતા, જે વધીને 2013 થયા છે. એટલે કે, 165 મળતાન મથકોનો વધારો થયો છે. અત્રે જણાવીએ કે, SIRની કામગીરી હાથ ધરતા જીલ્લાના ૧૯૪000 મતદારોનો ઘટાડો થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર જીલ્લાના 6 વિધાનસભા મત ક્ષેત્ર પૈકી સૌથી વધુ 38 મતદાન મથક માંડવીમાં તો સૌથી ઓછા 19 મતદાન મથક રાપર મત વિસ્તારમાં વધ્યા છે.

---

## ટી 20 વિશ્વ કપની સેમી ફાઇનલમાં પ્રવેશ:

ભારતે વેસ્ટ ઈન્ડિઝ ને અંતિમ ગ્રુપ મેચ માં 5 વિકેટે હરાવી ટી 20 વિશ્વ કપ ની સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે કોલકતા ના ઈડન ગાર્ડન પરની મેચમાં વેસ્ટ ઈન્ડીઝ ના 4 વિકેટે 195 રન ના જવાબમાં 5 વિકેટ ગુમાવી મેચમાં વિજય મેળવ્યો હતો સંજુ સેમસને આક્રમક રમત રમી શરૂઆતથી અંત સુધી અણનમ રહી 97 રન કર્યા હતા બોલિંગ માં જસ પ્રીત

બુમરાહે સહુથી વધુ બે વિકેટ ઝડપી હતી ભારત નો આગામી ગુરુવાર 5 મી એ બીજી સેમી ફાઇનલ માં ઈંગ્લેન્ડ સામે મુકાબલો થશે.

---

## હવામાન :

જીલ્લામાં અનુભવાઈ રહેલા વિષમ વાતાવરણ વચ્ચે હવામાન વિભાગે કચ્છ સહીત રાજ્યમાં હોળી પર્વ આસપાસથી તાપનો પ્રભાવ વધે તેવી આગાહી કરી છે જ્યારે બુધવારથી સળંગ ચાર દિવસ માટે જીલ્લા સહીત રાજ્યમાં ગરમી ઉકળાનું યલો એલર્ટ જારી કર્યું છે.

---